૭૩૧૮

૨૨૫૮

વિકસતી જાતિની આશ્રમશાળાઓમાં ખાલી જગ્યાઓ ભરવા માટે વિધા સહાયકોની (શિક્ષકોની) ભરતી કરવા અંગે.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: અસમ-૧૦૨૦૦૫-૨૧૧૯-અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:૩૧-૩-૨૦૦૬.

**વંચાણે લધો :**

(૧) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૮-૬-૨૦૦૫ નો ઠરાવ ક્રમાંક: અસમ-૧૫૨૦૦૩- ૨૨૩૦- ગ

(૨) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરનો તા.૨૯-૧૧-૨૦૦૫ નો પત્ર ક્રમાંક: અમશ- શિક્ષક-૨૦૦૫-૦૬- ૪૪૮.

**ઠ રા વ ::-**

રાજયમાં અનુસૂચિત જાતિની આશ્રમશાળાઓમાં ખાલી જગ્યાઓ ભરવા માટે વિધાસહાયકોની (શિક્ષકોની) ભરતી કરવા માટે આમુખ(૧) માં દર્શાવેલ ઠરાવથી હુકમ કરવામાં આવેલ છે. તેને અનુરુપ વિકસતી જાતિની ગ્રાન્ટ ઇન એઇડ આશ્રમશાળાઓમાં શિક્ષકોની ઘટ અને તાલીમી વિધાસહાયક (પી.ટી.સી.) પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ નથી તેથી આશ્રમશાળાઓમાં શિક્ષકોની ખાલી જગ્યા ભરવા માટે સ્વૈચ્છિક સંસ્થાઓ તરફથી અવાર-નવાર રજુઆતો થતી રહે છે. વિકસતી જાતિની આશ્રમશાળાઓમાં શિક્ષકોની ખાલી જગ્યાઓ પૂરી શકાય તે માટે વિધાસહાયકના ધોરણે આમુખમાં દર્શાવેલ ઠરાવ ક્રમાંક: ૧ માં દર્શાવેલ શરતોને આધિન શિક્ષકોની ભરતી કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પૂખ્ત વિચારણાના અંતે વિકસતી જાતિની આશ્રમશાળાઓમાં ખાલી રહેલ શિક્ષકોની જગ્યાઓ વિધાસહાયકના ધોરણે નીચે જણાવ્યા પ્રમાણેની પધ્ધતિથી ભરતી કરવાનુ સરકાર આથી ઠરાવે છે.

(૧) પ્રથમ તાલીમી વિધાસહાયક(પી.ટી.સી.)ના ઉમેદવારની ભરતી કરવી.

(૨) તાલીમી વિધાસહાયક (પી.ટી.સી.) ઉમેદવાર ન મળે તો તાલીમી સ્નાતક (બી.એડ.)ની ભરતી કરવી.

(૩) ઉપરોક્ત બન્ને પધ્ધતિથી ઉમેદવાર ન મળે તો જિલ્લાના સબંધિત અધિકારીની પૂર્વ મંજુરી મેળવીને ધોરણ-૧૨ પાસ બિનતાલીમી વિધાસહાયકની ભરતી કરવાની રહેશે.

ઉપર ક્રમાંક (૩)માં જણાવેલ ધોરણ-૧૨ પાસ બિનતાલીમી વિદ્યાસહાયકની ભરતી નીચેની શરતોએ કરવાની રહેશે.

<u>શરતો</u> ::-

(૧) આવા બિનતાલીમી વિદ્યાસહાયકને માસિક રૂ.૨૨૦૦-૦૦ (અંકે રૂપિયા બે હજાર બસો પૂરા)નું માનદ વેતન ચૂકવવામાં આવશે.

(૨) નિમણુંક તારીખથી પાંચ વર્ષ સુધીમાં વેકેશન દરમ્યાન પી.ટી.સી.ની તાલીમ સ્વખર્ચે લેવાની અને પરીક્ષા પાસ કરવાની રહેશે. આવા ઉમેદવારોને તાલીમની ફક્ત એકજ તક ઉપલબ્ધ કરવામાં આવશે. તાલીમમાં હાજર નહી થનાર અથવા અધુરી તાલીમ છોડી જનાર ઉમેદવારોને નોકરીમાંથી છૂટા કરવામાં આવશે. તાલીમના અંતે લેવામાં આવનાર પરીક્ષામાં નિષ્ફળ થનાર ઉમેદવારોને નિયમોનુસાર મળવાપાત્ર તકોમાં પરીક્ષા પાસ કરવાની રહેશે. તેમ છતાં પરીક્ષામાં નિષ્ફળ જશે તો તેમને નોકરીમાંથી છૂટા કરવામાં આવશે.

(૩) બિનતાલીમી શિક્ષકોને પી.ટી.સી.ની તાલીમ આપવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણે પ્રાથમિક શિક્ષણ નિયામક સાથે પરામર્શ કરીને તાલીમ અને પરીક્ષાનું આયોજન કરવાનું રહેશે.

(૪) પી.ટી.સી.ની પરીક્ષા પાસ કર્યા બાદ નિમણુંક તારીખથી પાંચ વર્ષ પુર્ણ થયેથી નિયમિત નિમણુંકને પાત્ર બનશે. તાલીમના અંતે પરીક્ષા પાસ કર્યા પછી નિયમિત નિમણુંક મળે તે અગાઉની નોકરી એડહોક ગણાશે અને નોકરીમાં તે સમયનો પગાર, સિનિયોરીટી વગેરે ગણતરીમાં લેવામાં આવશે નહી.

(૫) બિનતાલીમી વિદ્યાસહાયકની ભરતી ધોરણ-૧૨ ના મેરીટના આધારે કરવાની રહેશે.

૩. નિમણુંક માટે ઉંમરની પાત્રતા સરકારશ્રીના વખતોવખતના ધારા-ધોરણ પ્રમાણે જાળવવાની રહેશે.

૪. પી.ટી.સી., બી.એડ, (તાલીમી સ્નાતક)ની ભરતી શિક્ષણ વિભાગના વખતો વખતના હુકમો મુજબ કરવાની રહેશે.

૫. આ ભરતી જાહેરાત આપીને અરજીઓ મેળવીને કરવાની રહેશે.

૬. દરેક આશ્રમશાળામાં ફક્ત એકજ જગ્યા સી.પી.એડ/ ડી.પી.એડ./એ.ટી.ડી. થી ભરવાની રહેશે.

૭. આ ઠરાવ આ વિભાગની સમાન ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૧૦-૧-૨૦૦૬ તથા સરકારશ્રીની તા.૨૧-૨-૨૦૦૬ ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( શ્રીમતી એસ.આર.ભુરીયા )
ઉપ સચિવ,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,
માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન.મંત્રીશ્રી(સા.ન્યા.અને અધિ.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત, અમદાવાદ / રાજકોટ
શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય,
તમામ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ(વિ.જા)
વિભાગની સર્વે શાખાઓ
સિલેકટ ફાઇલ.

અ૧.૦૬/૨૨-૩-૦૬ .

નં: વિજાક/અમશ/૨૦૦૬-૦૭/૧૨૩
નિયામક, વિકસતી જાતિ કલ્યાણ ખાતું
ડો.જીવરાજ મહેતા ભવન, બ્લોકનં:૪/૩
ગુજરાત રાજ્ય,ગાંધીનગર
તા. ૧૭-૪-૨૦૦૬

પ્રતિ
જિલ્લા નાયબ નિયામકશ્રી (વિ.જા)
જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (વિ.જા)
સર્વે અધિકારીશ્રી, વડી કચેરી, ગાંધીનગર
૨/- જાણ તથા યોગ્ય અમલવારી સારુ.

રવાના કર્યુ

નાયબ નિયામક
વિકસતી જાતિ કલ્યાણ ખાતુ
ગુજરાત રાજ્ય,ગાંધીનગર